# વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે માન. મુખ્યમંત્રીશ્રીનું નિવેદન:

આગામી ૧૫ ઓગષ્ટે ભારત આઝાદીના ૬૦ વર્ષ પૂર્ણ કરશે અને ૨૦૧૦માં ગુજરાત તેની પાંચ દાયકાની વિકાસ યાત્રાને પૂર્ણ કરશે. અનેક સરકારો આવી, અનેક યોજનાઓ બની, તેમ છતાંય સર્વાંગી વિકાસની બાબતમાં આજે પણ ઘણું બધું કરવાની જરૂર છે. કઈ સરકારોએ કર્યું અને કઈ સરકારોએ ન કર્યું, તેના વાદ વિવાદને બદલે મહાત્મા ગાંધીના સ્વપ્નને સાકાર કરવાનો હેતુ સાકાર થાય અને વિકાસની ધારા છેવાડાના માનવી સુધી પહોંચે તેની તાતી જરૂરીયાત છે.

સમાજના અનેક વર્ગો છે, જેમના ઉપર સવિશેષ ધ્યાન કેન્દ્રીત કરીને તેમને વિકાસ પામેલ સમાજની હરોળમાં લાવવા રહ્યા. આવા વિસ્તારો હોય, એવા જનસમુદાયો હોય, તેના પર ધ્યાન કેન્દ્રીત કરવાનો મારી સરકારનો અભિગમ છે.

ઉમરગામથી અંબાજી સુધીની પૂર્વ પટ્ટીનો આદિવાસી વિસ્તાર જેમાં ૪૩ તાલુકાઓ - અનુસૂચિત જનજાતિના ક્ષેત્રો છે. રાજ્યની કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિનું સંખ્યા બળ આશરે ૭૫ લાખ છે જે લગભગ ૧૫ ટકા થવા જાય છે. સદીઓથી આપણી સંસ્કૃતિની રખેવાળ કરનાર, આઝાદીના જંગમાં બલિદાન આપનાર, રાજ્યની પ્રગતિમાં પરસેવો પાડનાર આદિવાસી સમાજ વિકાસની દોડમાં સામેલ થવા માટે સજાગ થયો છે. ગયા ૬૦ વર્ષના ભૂતકાળના અનુભવોમાંથી આપણા આદિવાસી ભાઈ-બહેનો ઘણું બધું શીખ્યા છે.

૬૦ વર્ષની યોજનાઓના અને વચનોના પરિણામો જોયા પછી, આપણે માનવું પડે કે ફક્ત બંધારણ પ્રમાણે અનુસૂચિત જનજાતિના ઉત્કર્ષ માટેની જવાબદારીઓ પૂરી કરવાથી ધાર્યા પરિણામો નથી મળ્યા. આ નક્કર સત્યનો સ્વીકાર કરીને ગુજરાતની વિકાસ યાત્રામાં આદિવાસી બાંધવો સક્રિય ભાગીદાર બને, વિકાસના હક્કદાર બને અને ઉજ્જવળ પરિણામો પ્રાપ્ત કરે એવું સ્વપ્ન સાકાર કરવાની અમારી નેમ છે. આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રાજ્યની ૧૫ ટકા જેટલી જનસંખ્યા ધરાવતા આદિવાસી સમાજના સશક્તિકરણ માટે, તેમની ક્ષમતાની વૃદ્ધિ માટે અને તેમના દ્વારા અને તેમના થકી વિકાસના નવા અવસરોનો વધુમાં વધુ લાભ લે તે માટે, વ્યૂહાત્મક રીતે અને નીતિગત રીતે નવો વ્યૂહ અપનાવવાની આવશ્યકતા છે. આ સન્માનનીય સભાગૃહ આદિવાસીઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષના કાર્યક્રમોમાં થયેલ ગુણાત્મક સુધારા અને પરિણામલક્ષી વર્તમાન સરકારની કાર્યસિદ્ધિઓથી સુમાહિતગાર છે જ.

આ સન્માનનીય સભાગૃહ એ વાતનું સાક્ષી છે કે ૧૯૭૪થી આદિજાતિ પેટા યોજનાથી આદિવાસીઓની વિકાસ યોજનાનો આરંભ થયો. મારી સરકાર બની તે પૂર્વે ૨૦૦૧ સુધીમાં એટલે કે ૨૭ વર્ષ દરમ્યાન માત્ર આશરે રૂા. ૬૫૦૦ કરોડ ખર્ચવામાં આવ્યા. જ્યારે ૨૦૦૨થી ૨૦૦૭ દરમ્યાન એટલે કે છેલ્લા પાંચ જ વર્ષમાં આશરે રૂા. ૬૦૦૦ કરોડ જેટલો ખર્ચ આ સરકારે કર્યો છે. ૨૭ વર્ષમાં રૂા. ૬૫૦૦ કરોડ અને પાંચ વર્ષમાં ૬૦૦૦ કરોડ - આ તફાવત કોઈનું પણ ધ્યાન ખેંચે તેવો છે. એટલું જ નહીં પરંતુ ગુજરાત પેટર્નના માધ્યમથી આદિજાતિ કલ્યાણના મોડેલના અમલમાં ગુજરાતને નોંધપાત્ર સફળતા મળી છે. આદિવાસી ખેડૂતોને

જમીનના પટ્ટા આપવા બાબતમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ હરોળમાં રહ્યું છે અને બીજી વધુ ૩૩૪૪ કુટુંબો માટે ૨૨૩૯ હેક્ટર જમીન ઉપલબ્ધ હોઈ, આ અંગેની દરખાસ્ત મંજૂરી અર્થે કેન્દ્ર સરકારને મોકલી આપેલ છે અને આ અંગે કેન્દ્ર સરકારની મંજૂરીની રાહ જોવાઈ રહી છે. એક રાજ્ય સરકાર માટે આ બાબતોનો સંતોષ અને ગૌરવ હોઈ શકે, પરંતુ રાજ્યના વિકાસની અમારી નેમ છે તેમ અમે આદિજાતિ કલ્યાણ માટે હજુ મોટી હરણફાળ ભરવા માગીએ છીએ. આ રાજ્ય સરકાર સ્પષ્ટપણે માને છે કે વિકાસ સર્વપોષક હોય, વિકાસ સર્વસમાવેશક હોય અને વિકાસ સર્વદેશી હોય. આ અભિગમને ચરિતાર્થ કરવા માટે આગામી ૧૧મી પંચવર્ષીય યોજનાના - આગામી પાંચ વર્ષ દરમ્યાન આદિજાતિના સર્વાંગી કલ્યાણનો કાર્યક્રમ સિદ્ધ કરવા માટે રૂા. ૧૫,૦૦૦ કરોડનું પેકેજ અમલમાં મૂકવાનો સંકલ્પ કર્યો છે. ૧૯૭૪થી અત્યાર સુધીના ૩૨ વર્ષમાં થયેલ કુલ ખર્ચ કરતાં પણ ઘણો વધારે ખર્ચ, પાંચ જ વર્ષમાં રૂા. ૧૫,૦૦૦ કરોડના પેકેજ એક ઐતિહાસિક ઘટના બની રહેશે.

આ સન્માનનીય સભાગૃહને જણાવતા ગૌરવ થાય છે કે "વનબંધુ કલ્યાણ યોજના" વિકાસનું સ્વપ્નું સાકાર કરશે. રૂા. ૧૫,૦૦૦ કરોડના પેકેજની રૂપરેખા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું પ્રસ્તુત કરું છું.

## આદિજાતિ વિકાસનું વિઝન :

રૂા. ૧૫,૦૦૦ કરોડ "વનબંધુ કલ્યાણ યોજના"ના પેકેજથી અમે એક નિશ્ચિત વિઝન સાથે વિકાસ યાત્રાને આગળ ધપાવવા માગીએ છીએ, જેમાં:

- આદિવાસી પરિવારોની આવક બમણી કરવી.
- તમામ આદિમ જૂથના કુટુંબોને અનુસૂચિત જનજાતિના મુખ્ય પ્રવાહ સાથે જોડવા.
- તમામ લાયક આદિવાસી બાળકોને શિક્ષણ સુવિધા પહોંચાડવી.
- આધુનિક યુગને અનુરૂપ શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ પર ભાર.
- આદિવાસી કુટુંબોને ઘરનું ઘર.
- આદિવાસી કુટુંબોને આરોગ્યપ્રદ જીવન માટે આવશ્યક સુવિધાઓ ઉભી કરવી.
- આદિવાસી કુટુંબોને પીવાનું શુદ્ધ પાણી પહોંચે, પાઈપ લાઈનની સગવડતા ઉભી થાય.
- આદિવાસી કુટુંબોને ખેતી માટે સિંચાઈની તકો ઉપલબ્ધ થાય અને આધુનિક ખેતી દ્વારા ઉપજ કેમ વધે તે માટેની વાડી યોજના જેવી સફળ યોજનાઓનો વિસ્તાર
- આદિજાતિ ગામોમાં માળખાકીય સુવિધાઓ જેવી કે રસ્તા, બસ સ્ટેન્ડ, ઊર્જાનું નેટવર્ક ઊભું કરવું.
- આદિજાતિ વિસ્તારમાં આવેલ નગરોનો વ્યૂહાત્મક વિકાસ કરવો જેથી આસપાસના અનેક ગામો માટે આ નગરો - વિકાસ સારથી બની રહે.
- શહેરોમાં આજીવિકા માટે સ્થળાંતર કરતા આદિજાતિ પરિવારો માટે કૌશલ્ય વિકાસ અને નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન

આ મહત્વાકાંક્ષી યોજનાને પાર પાડવી એ કેટલું ભગીરથ કામ છે તેની ગંભીરતા આ સરકારને છે અને તેથી રૂા. ૧૫,૦૦૦ કરોડના "વનબંધુ કલ્યાણ યોજના"નું પેકેજ સફળ કરવા માટે

"મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ"ની હું જાહેરાત કરું છું.

**(૧) પાંચ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમ શરૂ કરવો :**

- કૃષિની ઉત્પાદક્તા વધારી રોજગારીની વધુ તકો ઊભી કરવી.
- પશુપાલન અને ડેરી ઉદ્યોગ તેમ જ કૃષિ આધારિત ઔદ્યોગિક પ્રવૃત્તિઓ વધારવી.
- આદિવાસી યુવાનોને ગુણવત્તાવાળી તાલીમ ઉપલબ્ધ કરાવવી.
- આધુનિક વૈજ્ઞાનિક અને તક્નીકી કુશળતા વધારવા નવતર રોજગારીમાં આદિવાસી યુવાનોને જોડવા.
- એવા આદિવાસી કુટુંબો કે જેની મુખ્ય વ્યક્તિ તરીકે મહિલા હોય તેવા કુટુંબોને આદિવાસી કલ્યાણ યોજનાઓમાં પ્રાથમિક્તા આપવી.

**(૨) શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસો ઉપર ભારઃ**

- તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ખોલવી.
- પસંદ કરેલા ૧૦૦૦ આદિવાસી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં પ્રવેશ મળે અને સર્વશ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આયોજન કરવું અને આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પૂલનું નિર્માણ કરવું.
- આદિજાતિ તાલુકામાં નવોદય અથવા એકલવ્ય જેવી નિવાસી શાળા ખોલવી અને શહેરોની શ્રેષ્ઠ શાળાઓ જેવી ગુણવત્તાસભર બનાવવી.
- કોલેજના વિદ્યાર્થીઓ માટે વધુ ૧૦૦ છાત્રાલયોની સ્થાપના કરવી.
- મેડિકલ કોલેજ, ઈજનેરી કોલેજ, પોલિટેક્નીક કોલેજ, નર્સિંગ કોલેજ અને આઈ.ટી.આઈ. સહિતના શ્રેષ્ઠ શૈક્ષણિક એકમો આદિવાસી વિસ્તારોમાં સ્થાપિત કરવા.
- પરંપરાગત આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ જેવી કોલેજોના એકમો અંતરિયાળ તાલુકામાં શરૂ કરવા.

**(૩) આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બનેઃ**

- ઉત્પાદિત ચીજોને યોગ્ય બજાર મળે અને પરંપરાગત કૌશલ્યને આર્થિક આધાર મળે તે ધ્યાને રાખી વિસ્તારવાર, પરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ ઓળખી કાઢી, તેનું ક્લસ્ટર બનાવી, સંકલિત આર્થિક વિકાસનો અભિગમ અપનાવવો. તાલુકાદીઠ વર્ષે રૂા. ૧ કરોડની ફાળવણીની નેમ છે.
- નજીકના વિકસેલા આર્થિક મથકો સાથે અંતરિયાળ વિસ્તારનો આદિવાસી ભાગીદાર બની શકે તે માટે, આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવી અને રસ ધરાવનારાઓને તેવી પ્રવૃત્તિઓ સાથે જોડવા.
- આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત જે સાધનો છે, તેની ગુણવત્તા વધે અને જે ઉપલબ્ધ કાચો માલ છે તેમાં મૂલ્ય વૃદ્ધિ થાય જેનો સીધો લાભ આદિવાસી સુધી પહોંચે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી.

**(૪) સૌને માટે આરોગ્યઃ**

- સુરક્ષિત માતૃત્વ માટે આદિવાસી કુટુંબોને ચિરંજીવી યોજનાનો પૂરેપૂરો લાભ મળે તે માટે સઘન પ્રયત્નો કરવા.

- આદિવાસી કુટુંબોની ગર્ભવતી સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને છ વર્ષ સુધીના બાળ શિશુઓને કુપોષણથી નિવારવાની યોજનાઓને વધુ ઘનિષ્ટ અને વધુ અસરકારક બનાવાશે.
- આદિવાસી કુટુંબો માટે દર વર્ષે આરોગ્યની ચકાસણી અભિયાન.
- ગરીબી રેખા નીચે જીવતા આદિવાસી કુટુંબોને હૃદયની સર્જરી માટે આર્થિક સહાય.
- સીકલસેલ એનીમિયા, લેપ્ટોસ્પાયરોસીસ જેવા રોગો માટે જાગૃતિ અભિયાન અને રોગ પ્રતિકારક તેમ જ ઉપચાર માટે ખાસ પ્રકારની વ્યવસ્થા.

**(૫) સૌને માટે ઘરઃ**

- આગામી પંચવર્ષીય યોજના દરમ્યાન પાંચ વર્ષમાં ઘરવિહોણા તમામ આદિવાસી કુટુંબોને ઘરનું ઘર મળે તેવું આયોજન.

**(૬) પીવાનું પાણીઃ**

- આવતા પાંચ વર્ષોમાં તમામ આદિવાસી કુટુંબોને સુરક્ષિત અને સ્વચ્છ પીવાના પાણીની સગવડ.
- ઓછામાં ઓછા ૨૫ ટકા કુટુંબોને પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા.

**(૭) સિંચાઈઃ**

- જૂથ યોજના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવશે.
- ચેકડેમોનું નિર્માણ કરવામાં આવશે.
- વોટરશેડ ઉપર આધારિત જળ સંગ્રહસ્થાનનું નિર્માણ કરવામાં આવશે.
- ગરીબ કુટુંબોને વ્યક્તિલક્ષી સુવિધાઓ માટે ઓઈલ એન્જિન વગેરેની સહાય.
- ટપક સિંચાઈ પદ્ધતિ માટે ધિરાણ અને ટેક્નીકલ સુવિધાઓ મળી રહે તે માટે આયોજન.

**(૮) બારમાસી રસ્તાઓઃ**

- આદિવાસી વિસ્તારોમાં બનતા રસ્તાઓની ગુણવત્તામાં સુધારો કરવામાં આવશે.
- હાલના રસ્તાની મરામત માટે ખાસ આયોજન.
- ૨૫૦થી ઓછી વસ્તી ધરાવતા તમામ ફળિયાઓનું રસ્તાથી જોડાણ કરવામાં આવશે.

**(૯) વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતાઃ**

- ગરીબી રેખાથી નીચે જીવતા તમામ આદિવાસી કુટુંબોના ઘરોનું વિના મૂલ્યે વીજળીકરણ.
- બાકીના તમામ પેટા પરાઓનું વીજળીકરણ.
- અંતરિયાળ અને છૂટાછવાયા વિસ્તારોમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સૂર્ય ઊર્જાનું આયોજન.

**(૧૦) શહેરી વિકાસઃ**

- ૧૩ આદિવાસી વસ્તી ધરાવતા શહેરોનો આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકાસ.
- આગામી પાંચ વર્ષમાં તમામ તાલુકાઓના મુખ્ય મથકનું બ્રોડબેન્ડથી જોડાણ કરવામાં આવશે.

**આદિજાતિ વિકાસ માટે વ્યૂહાત્મક ફેરફારઃ**

- પૂરતી નાણાંકીય જોગવાઈ.
- મિશન મોડમાં મુખ્યમંત્રીના કાર્યક્રમ તરીકે પ્રાથમિક્તા.
- નિષ્ણાત અને વ્યવસાયિક ક્ષમતાનો ઉપયોગ.
- નિષ્પક્ષ અને સ્વતંત્ર મોનીટરીંગ.
- જિલ્લા સ્તરે પ્રાયોજનાના વહીવટનું સશક્તિકરણ.
- આદિવાસી વિસ્તારના દરેક ગામનો વિલેજ ડેવલપમેન્ટ એક્શન પ્લાન નિષ્ણાંત અને સ્થાનિક ભાગીદારીમાં તૈયાર કરી અમલીકરણ વધુ અસરકારક બનાવવામાં આવશે.

આ સન્માનનીય સભાગૃહ આ ઐતિહાસિક પળની સહર્ષ નોંધ લેશે કે સમગ્ર દેશમાં ગુજરાત આદિજાતિ કલ્યાણ માટે "ટ્રેન્ડ સેટર" બની રહ્યું છે અને સમગ્ર દેશ માટે એક "એજન્ડા સેટ" કરી રહેલ છે. સમાજના છેવાડાના માનવીને વિકાસની યાત્રામાં ભાગીદાર બનાવવાનું અને વિકાસનાં ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું નેતૃત્વ ગુજરાત પૂરું પાડી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ, રૂા. ૧૫,૦૦૦ કરોડનું "વનબંધુ કલ્યાણ યોજના"નું આ પેકેજ માત્ર સરકારનો નહીં પણ આ સભાગૃહનો એજન્ડા બની રહે, પાંચ કરોડ ગુજરાતીઓનો એજન્ડા બની રહે એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. વર્તમાન સત્ર દરમ્યાન આ સભાગૃહના માન. સભ્યો તરફથી અનેક મૌલિક અને સકારાત્મક સૂચનોની મને આશા છે. આવા મૌલિક સૂચનોને આ યોજનામાં સામેલ કરવાનો મને આનંદ થશે.

## આદિજાતિ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

પરિપત્ર ક્રમાંક-વકપ-૧૦૨૦૦૭-૨૧૩-પી

તારીખ. ૨૬.૩.૨૦૦૭

### પરિપત્ર

વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે મા. મુખ્યમંત્રીશ્રીએ તા. ૨૭.૨.૦૭ના રોજ વિધાનસભામાં આદિજાતિના સર્વાંગી વિકાસ / કલ્યાણ માટે એક નિવેદન કરેલ હતું. તદ્નુસાર આગામી ૧૧મી પંચવર્ષીય યોજનાના પાંચ વર્ષ દરમિયાન આદિજાતિના સર્વાંગી કલ્યાણનો કાર્યક્રમ સિદ્ધ કરવા માટે રૂા. ૧૫૦૦૦ કરોડનો પેકેજ અમલમાં મૂકવાનો રહે છે. આ પેકેજ વનબંધુ કલ્યાણ યોજના તરીકે ઓળખાશે. આદિજાતિ વિસ્તારને રાજ્યના અન્ય વિકસિત વિસ્તારની હરોળમાં મુકવાના ધ્યેય સાથે આ યોજના એનેક્ષર-એ મુજબ આગળ ધપાવવામાં આવશે.

રૂા. ૧૫૦૦૦/- કરોડના વનબંધુ કલ્યાણ યોજનાના પેકેજને કે જેને માન. મુખ્યમંત્રીશ્રીએ મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ તરીકે ઓળખાવેલ છે તેની વિગતો એનેક્ષર-બી મુજબ છે.

આ કાર્યક્રમનો અમલ સમયબદ્ધ રીતે અને પરિણામલક્ષી થાય તે માટે નીચે મુજબ વ્યૂહાત્મક બાબતો નક્કી કરાયેલ છે.

- પૂરતી નાણાંકીય જોગવાઈ
- મિશન મોડમાં મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમ તરીકે પ્રાથમિકતા
- નિષ્ણાત અને વ્યાવસાયિક ક્ષમતાનો ઉપયોગ
- નિયમિત અને સ્વતંત્ર મોનીટરીંગ
- જિલ્લા સ્તરે પ્રાયોજનાના વહીવટનું સશક્તિકરણ
- આદિવાસી વિસ્તારના દરેક ગામનો વિલેજ ડેવલપમેન્ટ એક્શન પ્લાન નિષ્ણાત અને સ્થાનિક ભાગીદારીમાં તૈયાર કરી જિલ્લા કક્ષાના આયોજનમાં સમાવી અમલીકરણ વધુ અસરકારક બનાવવામાં આવશે.
- ગુણવત્તાયુક્ત અને અસરકારક અમલીકરણ માટે વિભાગવાર મોનીટરીંગ

**આ સંદર્ભે નીચેની બાબતો ધ્યાને મુકવામાં આવે છે:**

૧. ઉપર્યુક્ત યોજનાના સુદૃઢ અમલીકરણ માટે વિભાગ હેઠળના ખાતાના વડાઓ તથા જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓની ચર્ચા-વિચારણા કરવા માટેની ટૂંક સમયમાં બેઠક ગોઠવવામાં આવશે.

૨. સંબંધિત આદિજાતિ પેટા યોજનાના પ્રાયોજના વહીવટદારશ્રીઓએ મા. મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમના કામોને હવે પછી ગુજરાત પેટર્ન હેઠળ અગ્રતા આપવાની રહેશે અને વર્ષ ૨૦૦૭-૦૮ માટેની દરખાસ્તો તા. ૧૫.૪.૦૭ સુધીમાં સંબંધિત ખાતા કચેરીઓ પાસેથી મેળવી કમિટિ ઓફ

ડાયરેક્શનમાં તેની સમીક્ષા કરી જરૂરી મંજૂરી મેળવી લેવાની રહેશે અને આગામી ૧૧મી પંચવર્ષીય યોજનાના પાંચ વર્ષ પૈકી ૨૦૦૭-૦૮ના પ્રથમ વર્ષની નાણાંકીય જોગવાઈ મુજબ ૧૦ મુદ્દામાં સમાવિષ્ટ કામોની બધી જ વહીવટી મંજૂરી ૩૦ એપ્રિલ-૨૦૦૭ સુધી મળી જાય તથા તે પૈકી ૫૦ ટકા ખર્ચ તા. ૩૦.૬.૦૭ સુધીમાં થાય તે જોવાનું રહેશે.

ઉપરોક્ત કાર્યક્રમોનો વ્યવસ્થિત અમલ થાય છે કે નહિ તે અંગે સમયાંતરે મિટીંગ થાય તે માટે વિગતવાર સૂચનાઓ હવે પછી બહાર પાડવામાં આવશે.

૩. આદિજાતિ વિભાગના તાબા હેઠળની કોઈ પણ કચેરીના અધિકારી/કર્મચારી આગામી ત્રણ માસ સુધી ખાસ આકસ્મિક કામ કે અનિવાર્ય કારણો સિવાય રજા લઈ શકાશે નહિ. ચોક્કસ કારણોસર રજા પર જવાનું થાય તે કિસ્સામાં કમિશનરશ્રી આદિજાતિ વિકાસ / કલેક્ટરશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

૪. આ કામગીરી સંબંધે દર મહિને સચિવશ્રી / કમિશનરશ્રી આદિજાતિ સંબંધિત જિલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રી અને જિલ્લા કક્ષાના લાઈન ડિપાર્ટમેન્ટના અમલીકરણ અધિકારશ્રીઓ સાથે વીડીયો કોન્ફરન્સ યોજી અમલવારીની સમીક્ષા કરશે.

૫. દર ત્રણ મહિને આ યોજનાના અમલીકરણ સંબંધે મા. મુખ્યમંત્રીશ્રી કક્ષાએ પણ સમીક્ષા કરવાનું આયોજન છે.

**(એ.એમ. તિવારી)**
સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- પ્રભારી સચિવશ્રીઓ - સંબંધિત જિલ્લાના અધિકારીશ્રી સાથે આ બાબતે યોગ્ય વિચારણા કરવા વિનંતી સહ.
- સંબંધિત સચિવશ્રી - તેમના વિભાગને લગતી યોજના સંબંધે તેમના તાબા હેઠળના અધિકારીશ્રીઓને યોગ્ય સૂચના આપવા વિનંતી સહ.
- મા. પ્રભારી મંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી મા. પ્રભારી મંત્રીશ્રીના ધ્યાન ઉપર આ બાબત લાવવા અર્થે.
- કમિશનરશ્રી આદિજાતિ વિકાસ / કલેક્ટરશ્રી / વિકાસ અધિકારીશ્રી
- સંબંધિત ખાતાના વડાશ્રી

**એનેક્ષર-એ**

## મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ (વનબંધુ કલ્યાણ યોજના)ના વિઝનઃ

- આદિવાસી પરિવારોની **આવક બમણી** કરવી.
- તમામ **આદિમ જૂથ**ના કુટુંબોને અનુસૂચિત જનજાતિના મુખ્ય પ્રવાહ સાથે જોડવાં.
- તમામ લાયક આદિવાસી બાળકોને **શિક્ષણ સુવિધા** પહોંચાડવી.
- આધુનિક યુગને અનુરૂપ **શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ**, ખાસ કરીને વિજ્ઞાન અને વ્યવસાયલક્ષી શિક્ષણ માટે માળખાકીય સુવિધાઓ ઊભી કરવા પર ભાર.
- પ્રત્યેક આદિવાસી કુટુંબને **ઘરનું ઘર**.
- આદિવાસી કુટુંબોને **આરોગ્યપ્રદ જીવન** માટે આરોગ્ય વિભાગની યોજનાઓ હેઠળ આવરી લેવાં. ખાસ કરીને મહિલા અને બાળકોને યોજનાઓનો પૂરતો લાભ પહોંચાડવો.
- આદિવાસી કુટુંબોને તેમના **ઘર સુધી પાઈપલાઈન**થી પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવું.
- આદિવાસી કુટુંબોને ખેતી માટે **સિંચાઈની તકો** ઉપલબ્ધ થાય અને આધુનિક ખેતી દ્વારા ઉપજ કેમ વધે તે માટેની વાડી યોજના જેવી સફળ યોજનાઓનો વિસ્તાર.
- આદિજાતિ ગામોમાં **માળખાકીય સુવિધાઓ** જેવી કે, રસ્તા, બસસ્ટેન્ડ, ઉર્જાનું નેટવર્ક ઊભું કરવું.
- આદિજાતિ વિસ્તારમાં આવેલ નગરોનો **વ્યૂહાત્મક વિકાસ** કરવો જેથી આસપાસના અનેક ગામો માટે આ નગરો વિકાસ સારથિ બની રહે.
- શહેરોમાં **આજીવિકા** માટે સ્થળાંતર કરતા આદિજાતિ પરિવારો માટે કૌશલ્ય વિકાસ અને નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન.

એનેક્ષર-બી

## મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ (વનબંધુ કલ્યાણ યોજના)

### (૧) પાંચ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમ શરૂ કરવા

- કૃષિની ઉત્પાદકતા વધારી કૃષિ ક્ષેત્રે રોજગારીની વધુ તકો ઉભી કરવી.
- પશુપાલન અને ડેરી ઉદ્યોગ તેમજ કૃષિ આધારિત ઔદ્યોગિક પ્રવૃત્તિઓ વધારવી.
- આદિવાસી યુવાનોને ગુણવત્તાવાળી તાલીમ ઉપલબ્ધ કરાવવી.
- આધુનિક વૈજ્ઞાનિક અને તકનીકી કુશળતા વધારવા નવતર રોજગારીમાં આદિવાસી યુવાનોને જોડવા.
- એવા આદિવાસી કુટુંબો કે જેની મુખ્ય વ્યક્તિ તરીકે મહિલા હોય તેવા કુટુંબોને આદિવાસી કલ્યાણ યોજનાઓમાં પ્રાથમિકતા આપવી.

### (૨) શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસો ઉપર ભાર

- તાલુકામાં વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખોલવી.
- પસંદ કરેલા ૧૦૦૦ આદિવાસી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં પ્રવેશ મળે અને સર્વશ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આયોજન કરવું અને આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવું.
- આદિજાતિ તાલુકામાં નવોદય સ્કૂલ અથવા એકલવ્ય સ્કૂલ જેવી નિવાસી શાળા ખોલવી અને શહેરોની શ્રેષ્ઠ શાળાઓ જેવું ગુણવત્તાસભર શિક્ષણ મળે તે માટેની વ્યવસ્થા કરવી.
- કોલેજના વિદ્યાર્થીઓ માટે વધુ ૧૦૦ છાત્રાલયની સ્થાપના કરવી.
- મેડીકલ કોલેજ, ઈજનેરી કોલેજ, પોલીટેકનિક, નર્સીંગ કોલેજ અને આઈ.ટી.આઈ. સહિતના શ્રેષ્ઠ શૈક્ષણિક એકમો આદિવાસી વિસ્તારોમાં સ્થાપિત કરવા.
- પરંપરાગત આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ જેવી કોલેજોના એકમો અંતરીયાળ તાલુકામાં શરૂ કરવા.

### (૩) આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને

- ઉત્પાદિત ચીજોને યોગ્ય બજાર મળે અને પરંપરાગત કૌશલ્યને આર્થિક આધાર મળે તે ધ્યાન રાખી વિસ્તારવાર, પરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ ઓળખી કાઢી, તેનું ક્લસ્ટર બનાવી, સંકલિત આર્થિક વિકાસનો અભિગમ અપનાવવો. તાલુકા દીઠ વર્ષે, રૂા. ૧ કરોડની જોગવાઈ.
- નજીકના વિકસેલા આર્થિક મથકો સાથે અંતરીયાળ વિસ્તારનો આદિવાસી ભાગીદાર બની શકે તે માટે, આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવી અને રસ ધરાવનારાઓને તેવી પ્રવૃતિઓ સાથે જોડવા.
- આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત જે સાધનો અને કૌશલ્ય છે, તેની ગુણવત્તા વધે અને જે ઉપલબ્ધ કાચો માલ છે તેમાં મૂલ્ય વૃધ્ધિ થાય જેનો સીધો લાભ આદિવાસી સુધી પહોંચે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી.

### (૪) સૌને માટે આરોગ્ય

- સુરક્ષિત માતૃત્વ માટે આદિવાસી કુટુંબોને ચિરંજીવી યોજનાનો પૂરેપૂરો લાભ મળે તે માટે સઘન પ્રયત્નો કરવા.
- આદિવાસી કુટુંબોની ગર્ભવતી અને ધાત્રી માતાઓ અને છ વર્ષ સુધીના બાળ શિશુઓમાં કુપોષણ નિવારવાની યોજનાઓને વધુ ઘનિષ્ઠ અને વધુ અસરકારક બનાવવી.

- આદિવાસી કુટુંબો માટે દર વર્ષે આરોગ્યની ચકાસણી અભિયાન.
- ગરીબી રેખા નીચે જીવતા આદિવાસી કુટુંબોને હૃદયની શસ્ત્રક્રિયા માટે આર્થિક સહાય પૂરી પાડવી.
- સીકલસેલ એનીમીયા, લેપ્ટોસ્પાયરોસીસ જેવા રોગો માટે જાગૃતિ અભિયાન અને રોગ પ્રતિકારક, તેમજ ઉપચાર માટે ખાસ પ્રકારની વ્યવસ્થા.

**(૫) સૌને માટે ઘર**

- આગામી પંચવર્ષીય યોજના દરમ્યાન પાંચ વર્ષમાં ઘર વિહોણા તમામ આદિવાસી કુટુંબોને ઘરનું ઘર મળે તેવું આયોજન કરવું.

**(૬) પીવાનું પાણી**

- આવતાં પાંચ વર્ષોમાં તમામ આદિવાસી કુટુંબોને સુરક્ષિત અને સ્વચ્છ પીવાના પાણીની સગવડ પૂરી પાડવી.
- ઓછામાં ઓછાં ૨૫ ટકા કુટુંબોને પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી તેમના રહેઠાણ સુધી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી.

**(૭) સિંચાઈ**

- જૂથ યોજના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવશે.
- ચેકડેમોનું નિર્માણ કરી પાણી સંગ્રહ કરવો જેથી પૂરતા વરસાદવાળા અને અપૂરતા વરસાદવાળા તમામ વિસ્તારોમાં પાણીની સમસ્યા હલ થાય.
- વોટરશેડ ઉપર આધારિત જળ સંગ્રહ માટે સવિશેષ આયોજન અને અમલ.
- ગરીબ કુટુંબોને વ્યકિતલક્ષી સુવિધાઓ માટે ઓઈલ એન્જીન વગેરેની સહાય.
- ટપક સિંચાઈ પધ્ધતિ માટે ધિરાણ અને ટેકનિકલ સુવિધાઓ મળી રહે તે માટે આયોજન.

**(૮) બારમાસી રસ્તાઓ**

- આદિવાસી વિસ્તારોમાં બનતા રસ્તાઓની ગુણવત્તામાં સુધારો કરવામાં આવશે.
- હયાત રસ્તાની મરામત માટે ખાસ આયોજન.
- ૨૫૦થી ઓછી વસ્તી ધરાવતા તમામ ફળિયાઓનું પાકા રસ્તાથી જોડાણ કરવામાં આવશે.

**(૯) વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા**

- ગરીબી રેખાથી નીચે જીવતા તમામ આદિવાસી કુટુંબોના ઘરોનું વિના મૂલ્યે વીજળીકરણ કરવું.
- બાકીના તમામ પેટા પરાઓનું વીજળીકરણ કરવું.
- અંતરીયાળ અને છૂટાછવાયા વિસ્તારોમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સૂર્યઉર્જાનું આયોજન કરી ઉપલબ્ધ કરાવવી.

**(૧૦) શહેરી વિકાસ**

- આદિવાસી વસ્તી ધરાવતાં ૧૩ શહેરોનો આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકાસ.
- આગામી પાંચ વર્ષમાં તમામ તાલુકાઓના મુખ્ય મથકનું બ્રોડબેન્ડ કનેક્ટિવિટીથી જોડાણ કરવામાં આવશે.

Guidelines for Participation of Commercial Entities in Implementation of Chief Minister's Ten Point programme (Vanbhandhu Kalyan Yojana) for the development of tribal areas.

**Government of Gujarat,**
**Tribal Development Department,**
**Resolution No.VKY-102007-244(1)/P**
**Sachivalaya, Gandhinagar,**
**Dated 10th April 2007.**

**Read:** (1) **Government in TDD GR No.TAP/1092/1928/CHH, dated 3.9.1997; and**
(2) **Government in Social Justice & Social Empowerment Department Vernacular G.R. No.BJT/1099/158/P, dated 17.9.1999.**

Government of Gujarat is implementing the Tribal Sub Plan Approach as part of its obligations to implement the Directive Principles of State Policy enshrined in the Constitution of India. The State Government had initiated first tribal sub-plan strategy in the year 1975-76 with the commencement of the Fifth Five Year Plan. Subsequently, the State Government declared talukas having tribal concentration as Integrated Tribal Development Areas (ITDA) and appointed specially empowered Project Administrators to carry out development programmes in these areas. In the year 1986, it was decided to cover family oriented programmes under which support was extended to individual beneficiary oriented schemes especially for tribal population living outside the ITDA. The objectives of the Tribal Sub-plan approach have been duly elaborated in the Government in Tribal Development Department Government Resolution dated 3.9.1997.

2. The State Government has now decided to implement the Rs. 15,000 crore package called Chief Minister's Ten Point Programme (Vanbhandhu Kalyan Yojana) for Tribal Areas. Under this programme called Vanbandhu Kalyan Yojana, the State Government has made the financial provision of over Rs. 2350 crore during the current year in the form of Tribal Area Sub-plan (TASP) including New Gujarat Pattern. One of the major objectives of Chief Minister's Ten Point Programme is to double the income of ITD areas in next five years. This goal is now feasible due to enhanced funding under TASP, high economic growth rate of the State, increased opportunities in dairy, horticulture and service sectors, and involvement of private sector organizations on PPP model.

3. The State Government now proposes to launch few large scale projects with the help of commercial partners like private sector units, cooperative and public sector undertakings to double the income of ITDP talukas in next five years with the involvement of BPL families as major participants. Some of the sectors which are identified for this purpose are as follows -

a. Land based activities by promoting low risk and high productivity crops and organic crops by using bio-technology in building on the earlier success in diversified agriculture. Some of the pre-requisites like improved irrigation and infrastructure facilities, favourable terrain, low usage of chemical fertilizers and pesticides, proximity to major markets and entry of major industrial units in agri-business are already present and can support horticulture, floriculture, vegetable organic farming, timber and medicinal plants based projects;

b. Dairy based animal husbandry activities can utilize some of the strengths like presence of large number of cattle, presence of capable district dairy federations working in tribal areas and stable milk market; and

c. Service sector has good potential as over 25% tribal families migrate temporarily to work in construction, service sector and agricultural operations. Some of the upcoming activities like low end IT enabled services, construction, nursing and patient care, hospitality, traditional crafts, etc. can offer employment in large numbers by utilizing moderate skill levels.

4. Guidelines to support such projects are as follows-

i. The Social Justice & Empowerment (Tribal Development) Department (TDD) will leverage its own TASP stream funds and funds of other departments to support such projects. Such funds will be utilized only for the purpose of activities approved under concerned schemes and some additional financial requirements can be arranged by using grants from Government of India and available Gujarat Pattern funds, in that order, as first claim over these flexible funds;

ii. Government will involve private sector and other commercial units in developing large scale projects on a partnership basis and will support such project activities up to the production level in such a manner that the average cost of assistance in these projects does not exceed Rs. 30,000/- per family;

iii. Additional funds can be brought as institutional credit to the participating beneficiaries;

iv. Non-BPL tribal families can participate in these projects but Government will not provide subsidy to them;

v. Project specific infrastructure support like development and strengthening of roads, power and water supply, broad-band connectivity facilities, etc. will be created by the Government by tapping various infrastructure oriented schemes under TASP stream;

vi. Any commercial sector partner can develop and implement such projects. While implementing the project, it will have to offer an acceptable assurance that a minimum committed number of poor families, who will be covered in the project, will cross the poverty line and will receive an assured minimum income every year;

vii. Although agricultural land cannot be transferred to the private sector implementing agency, it can enter into production agreement with the tribal farmers in a legally enforceable manner. With a view to ensure speedy implementation, the State Government will help to facilitate setting up project specific infrastructure and value addition facilities. In addition to this, Tribal Development Department may try to obtain land from Government authorities and allow the private sector implementing agency to use such land for setting up production facilities on payment of token rent;

viii. Each project will normally be for a period of five years and should cover 3,000 to 5,000 BPL tribal families. Some high technology based small pilot projects can also be launched if they have potential to be up scaled subsequently;

ix. The nature and extent of support from the Government and the credit component from commercial banks will vary from project to project but above broad principles can be followed and fine- tuned subsequently. These principles can be used initially as indicative guidelines only as the exact requirements of individual projects will vary;

x. The State Government has also decided that every individual participating BPL family will be monitored. For this purpose, TDD will develop framework for baseline, end line and concurrent monitoring by involving external agencies;

xi. The implementing partner will have to efficiently manage the project, bring required technology, will ensure marketing and other necessary linkages, will cover the conceivable risks as part of such projects and will also guarantee the expected outcomes. The format of guarantee can be kept simple initially, but a bipartite agreement will have to be signed specifying broad nature of the project and minimum guaranteed outcomes;

xii. These projects will try to cover the predictable risks and provide adequate funds for this purpose so that BPL families do not bear any part of such risks and low-risk projects are offered to them;

xiii. Inorder to ensure their long term involvement in the Project Taluka, theimplementing agency will have to establish the first stage of value chain the project taluka. For this purpose, the Department will facilitate procurement of land and also provide equity/interest free loan in the proportion to the additional risk. Such equity/loan will be limited to @10% per annum or Rs. 1 crore, whichever is less, and the same will be managed and financed by Gujarat Venture Finance Limited or a similar company. Private sector partner can build in its normal and reasonable profit in such projects provided it is able to offer better returns to the participating families; and

xiv. While approving commercially viable projects, the developing talukas from among the ITDP areas, as shown in AnnexureI will get preference.

5. Various State Government departments like Irrigation, Agriculture, Rural Development, Tribal Development, Health, Industry, etc. implement a large number of individual beneficiary oriented schemes. The projects proposed by a commercial sector partner will try to leverage funds from all such schemes to support large integrated projects. The involvement of private sector will ensure wealth creation and better returns on assets in the tribal areas and simultaneously, BPL families will get support for different activities from a single source and under a single project.

6. The implementation of Chief Minister's Ten Point Programme will require re-examination of the prevalent procedures and guidelines for infrastructure development, selection of partners, monitoring and evaluation of their performance, development of transparent and consistent project sanctioning procedures, information, education and communication activities, mainstreaming of women, migrating families and primitive tribal groups, etc. for which experienced and skilled personnel will have to be engaged to develop and supervise these projects. Government has decided to create a special purpose society to take up these tasks. The Governing Body of the Society will be authorized to develop specific norms, procedures and systems for management and supervision of these projects. The Society will function as High Powered Committee with the representation from concerned Departments, implementing partners and outside experts. Detailed order to this effect will be issued separately.

This resolution issues with the concurrence of General Administration Department (Planning) as per its note dated 14-12-2006 and Finance Department dated 30-12-2006 on this Department's file of even number.

By order and in the name of the Governor of Gujarat.

(Mahesh Joshi)
Joint Secretary to Government of Gujarat,
Tribal Development Department.

Annexure-1

## List of Developing ITDP Talukas

| Sr. | District | Taluka | Population Total | Population Tribal | Rank * |
|---|---|---|---|---|---|
| 1 | Dahod | Garbada | 142,448 | 134,378 | 6 |
| 2 | | Jhalod | 360,553 | 319,443 | 13 |
| 3 | | Limkheda | 239,357 | 146,764 | 18 |
| 4 | | Devgadhbariya | 209,198 | 48,185 | 20 |
| 5 | | Dhanpur | 131,974 | 98,288 | 2 |
| 6 | Panchmahals | Santrampur | 219,041 | 157,852 | 30 |
| 7 | | Kadana | 110,389 | 80,810 | 18 |
| 8 | | Ghoghamba | 179,656 | 72,123 | 4 |
| 9 | Vadodara | Nasvadi | 124,828 | 107,547 | 11 |
| 10 | | Kawant | 170,524 | 157,738 | 1 |
| 11 | | Jetpurpavi (jambugaam) | 225,894 | 175,183 | 22 |
| 12 | Narmada | Dediapada | 143,574 | 137,553 | 12 |
| 13 | | Sagbara | 83,633 | 74,980 | 7 |
| 14 | Surat | Uchchhal | 73,042 | 71,084 | 16 |
| 15 | | Nijhar | 105,358 | 83,843 | 27 |
| 16 | | Umarpada | 68,288 | 65,867 | 10 |
| 17 | | Kaparada | 202,862 | 189,939 | 3 |
| 18 | Dangs | Dangs | 186,729 | 175,079 | 9 |
| 19 | Banaskantha | Amirgadh | 101,133 | 53,808 | 29 |

* as suggested by Cowlagi Committee

## આદિજાતિ પેટા યોજના હેઠળ સમાવિષ્ટ આદિજાતિ માહિતી (૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ)

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ વસ્તી | આદિજાતિ યોજનામાં સમાવિષ્ટ આદિજાતિ વસ્તી | | | સંકલિત જિલ્લાની આદિજાતિ વસ્તીની ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજનામાં સમાવિષ્ટ વસ્તી | (સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજના વિસ્તારની બહાર) આદિજાતિ પેટા યોજનામાં સમાવિષ્ટ છૂટાછવાયા આદિવાસીઓની વસ્તી | કુલ | સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજના હેઠળ | (સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજના વિસ્તારની બહાર) આદિજાતિ પેટા યોજનામાં સમાવિષ્ટ છૂટાછવાયા આદિવાસીઓની વસ્તી | આદિવાસી વસ્તીની ટકાવારી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | જામનગર | ૧૯૦૪૨૭૮<br>૩.૭૬ | | ૧૦૪૫૯<br>૦.૭૮ | ૧૦૪૫૯<br>૦.૧૪ | ૦.૦૦ | ૦.૫૫ | ૦.૫૫ |
| ૨. | રાજકોટ | ૩૧૬૯૮૮૧<br>૬.૨૬ | | ૧૩૧૬૩<br>૦.૯૮ | ૧૩૧૬૩<br>૦.૧૮ | ૦.૦૦ | ૦.૪૨ | ૦.૪૨ |
| ૩. | સુરેન્દ્રનગર | ૧૫૧૫૧૪૮<br>૨.૯૯ | | ૧૪૩૩૮<br>૧.૦૭ | ૧૪૩૩૮<br>૦.૧૯ | ૦.૦૦ | ૦.૯૫ | ૦.૯૫ |
| ૪. | ભાવનગર | ૨૪૬૯૬૩૦<br>૪.૮૭ | | ૭૨૯૮<br>૦.૫૪ | ૭૨૯૮<br>૦.૧૦ | ૦.૦૦ | ૦.૩૦ | ૦.૩૦ |
| ૫. | અમરેલી | ૧૩૯૩૯૧૮<br>૨.૭૫ | | ૩૨૫૬<br>૦.૨૪ | ૩૨૫૬<br>૦.૦૪ | ૦.૦૦ | ૦.૨૩ | ૦.૨૩ |
| ૬. | જૂનાગઢ | ૨૪૪૮૧૭૩<br>૪.૮૩ | | ૧૮૮૩૨<br>૧.૪ | ૧૮૮૩૨<br>૦.૨૫ | ૦.૦૦ | ૦.૭૭ | ૦.૭૭ |
| ૭. | પોરબંદર | ૫૩૬૮૩૫<br>૧.૦૬ | | ૬૪૫૬<br>૦.૪૮ | ૬૪૫૬<br>૦.૦૯ | ૦.૦૦ | ૧.૨૦ | ૧.૨૦ |
| ૮. | કચ્છ | ૧૫૮૩૨૨૫<br>૩.૧૨ | | ૧૩૦૧૩૮<br>૯.૬૯ | ૧૩૦૧૩૮<br>૧.૭૪ | ૦.૦૦ | ૮.૨૨ | ૮.૨૨ |
| ૯. | બનાસકાંઠા | ૨૫૦૪૨૪૪<br>૪.૯૪ | ૧૪૫૨૪૬<br>૨.૩૭ | ૬૦૬૨૮<br>૪.૫૫ | ૨૦૫૮૭૪<br>૨.૭૫ | ૫.૮૦ | ૨.૪૨ | ૮.૨૨ |
| ૧૦. | સાબરકાંઠા | ૨૦૮૨૫૩૫<br>૪.૧૧ | ૩૯૪૦૩૦<br>૬.૪૩ | ૨૫૩૫૨<br>૧.૮૮ | ૪૨૦૪૪૨<br>૫.૬૨ | ૧૮.૯૬ | ૧.૨૪ | ૨૦.૧૮ |
| ૧૧. | મહેસાણા | ૧૮૩૭૮૯૨<br>૩.૬૩ | | ૮૯૭૫<br>૦.૬૭ | ૮૯૭૫<br>૦.૧૨ | ૦.૦૦ | ૦.૪૯ | ૦.૪૯ |
| ૧૨. | પાટણ | ૧૧૮૨૭૦૯<br>૨.૩૩ | | ૧૨૬૩૭<br>૦.૯૪ | ૧૨૬૩૭<br>૦.૧૭ | ૦.૦૦ | ૧.૦૭ | ૧.૦૭ |
| ૧૩. | ગાંધીનગર | ૧૩૩૪૪૫૫<br>૨.૬૩ | | ૧૭૬૮૧<br>૧.૩૨ | ૧૭૬૮૧<br>૦.૨૪ | ૦.૦૦ | ૧.૩૨ | ૧.૩૨ |
| ૧૪. | અમદાવાદ | ૫૮૧૬૫૧૯<br>૧૧.૪૮ | | ૫૮૦૩૫<br>૪.૩૨ | ૫૮૦૩૫<br>૦.૭૮ | ૦.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| ૧૫. | ખેડા | ૨૦૨૪૨૧૬<br>૩.૯૯ | | ૩૨૩૯૪<br>૨.૪૧ | ૩૨૩૯૪<br>૦.૪૩ | ૦.૦૦ | ૧.૬૦ | ૧.૬૦ |
| ૧૬. | આણંદ | ૧૮૫૬૮૭૨<br>૩.૬૬ | | ૨૨૮૩૫<br>૧.૭ | ૨૨૮૩૫<br>૦.૩૧ | ૦.૦૦ | ૧.૨૩ | ૧.૨૩ |
| ૧૭. | પંચમહાલ | ૨૦૨૫૨૭૭<br>૪.૦૦ | ૪૨૮૮૧૯<br>૬.૯૯ | ૧૨૭૧૮૧<br>૯.૪૭ | ૫૫૬૦૦૦<br>૭.૪૩ | ૨૧.૧૭ | ૬.૨૮ | ૨૭.૪૫ |
| ૧૮. | દાહોદ | ૧૬૩૬૪૩૩<br>૩.૨૩ | ૧૧૮૨૫૦૯<br>૧૯.૨૬ | ૦<br>૦.૦૦ | ૧૧૮૨૫૦૯<br>૧૫.૮૧ | ૭૨.૨૬ | ૦.૦૦ | ૭૨.૨૬ |
| ૧૯. | વડોદરા | ૩૬૪૧૮૦૨<br>૭.૧૯ | ૬૭૩૧૬૧<br>૧૦.૯૭ | ૨૯૪૨૩૨<br>૨૧.૯૧ | ૯૬૭૩૯૩<br>૧૨.૯૩ | ૧૮.૪૮ | ૮.૦૮ | ૨૬.૫૬ |
| ૨૦. | ભરૂચ | ૧૩૭૦૬૫૬<br>૨.૭૧ | ૨૬૨૨૦૫<br>૪.૨૭ | ૧૮૧૮૩૦<br>૧૩.૫૪ | ૪૪૪૦૩૫<br>૫.૯૪ | ૧૯.૧૩ | ૧૩.૨૭ | ૩૨.૪૦ |
| ૨૧. | નર્મદા | ૫૧૪૪૦૪<br>૧.૦૨ | ૪૦૧૬૫૪<br>૬.૫૪ | ૦<br>૦.૦૦ | ૪૦૧૬૫૪<br>૫.૩૭ | ૭૮.૦૮ | ૦.૦૦ | ૭૮.૦૮ |
| ૨૨. | સુરત | ૪૯૯૫૧૭૪<br>૯.૮૬ | ૧૨૨૮૪૭૭<br>૨૦.૦૧ | ૧૭૯૮૨૩<br>૧૩.૩૯ | ૧૪૦૮૩૦૦<br>૧૮.૮૨ | ૨૪.૫૯ | ૩.૬૦ | ૨૮.૧૯ |
| ૨૩. | વલસાડ | ૧૪૧૦૫૫૩<br>૨.૭૮ | ૭૪૨૪૪૮<br>૧૨.૧ | ૨૯૯૨૯<br>૨.૨૩ | ૭૭૨૪૦૫<br>૧૦.૩૨ | ૫૨.૬૪ | ૨.૧૨ | ૫૪.૭૬ |
| ૨૪. | નવસારી | ૧૨૨૯૪૬૩<br>૨.૪૩ | ૫૦૩૬૭૯<br>૮.૨૧ | ૮૭૪૮૫<br>૬.૫૧ | ૫૯૧૧૬૪<br>૭.૯૦ | ૪૦.૯૭ | ૭.૧૨ | ૪૮.૦૮ |
| ૨૫. | ડાંગ | ૧૮૬૭૨૯<br>૦.૩૭ | ૧૭૫૦૩૯<br>૨.૮૫ | ૦<br>૦.૦૦ | ૧૭૫૦૩૯<br>૨.૩૪ | ૯૩.૭૬ | ૦.૦૦ | ૯૩.૭૬ |
| | **કુલ** | **૫૦૬૭૧૦૧૭<br>૧૦૦.૦૦** | **૬૧૩૮૨૪૫<br>૧૦૦.૦૦** | **૧૩૪૨૬૯૫<br>૧૦૦.૦૦** | **૭૪૮૦૯૪૦<br>૧૦૦.૦૦** | **૧૨.૧૧** | **૨.૬૫** | **૧૪.૭૬** |

## આદિજાતિ વિસ્તારોની કેટલીક આંકડાકીય માહિતી

| | | | |
|---|---|---|---|
| વસ્તી (૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ | ૭૪.૮૧ લાખ (૧૪.૭૬ ટકા) | | |
| આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ<br>સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજના હેઠળ આવરી લીધેલ જિલ્લાઓ | ૧૧<br><br>૧૨ | | |
| આદિજાતિ વિસ્તારના જિલ્લાઓના નામ | ૧. બનાસકાંઠા ૨. સાબરકાંઠા<br>૩. પંચમહાલ ૪. દાહોદ ૫. સુરત<br>૬. વડોદરા ૭. ભરુચ ૮. નર્મદા<br>૯. નવસારી ૧૦. વલસાડ ૧૧. ડાંગ | | |
| સંકલિત આદિજાતિ પરિયોજનાના જિલ્લાના કાર્યમથક | ૧. પાલનપુર ૨. ખેડબ્રહ્મા ૩. ગોધરા<br>૪. દાહોદ ૫. આહવા ૬. ભરૂચ<br>૭. રાજપીપળા ૮. સોનગઢ ૯. માંડવી<br>૧૦.વાંસદા ૧૧. નવસારી<br>૧૨. છોટાઉદેપુર | | |
| પરિયોજના વિસ્તાર હેઠળની આદિજાતિ વસ્તી (૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ) | ૬૧.૩૮ લાખ (૮૨.૦૪ ટકા) | | |
| છૂટાછવાયા આદિવાસી (૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ) | ૧૩.૪૩ લાખ (૧૭.૯૬ ટકા) | | |
| આદિજાતિ પેટા યોજના હેઠળ આવરી લીધેલ વિસ્તારો | ૪૩ તાલુકા, ૧૫ પોકેટ્સ, ૪ કલસ્ટર્સ | | |
| સાક્ષરતાનો દર (ટકાવારી) ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ | | જનરલ | ઈફેક્ટિવ |
| | સ્ત્રી | ૨૯.૭ | ૩૬.૦ |
| | પુરુષ | ૪૮.૭ | ૫૯.૨ |
| | **કુલ...** | **૩૯.૪** | **૪૭.૭** |
| ગરીબી રેખા હેઠળના કુટુંબોની સંખ્યા (અંદાજીત) | ૪.૧૯ લાખ | | |
| આદિજાતિ વિસ્તાર પેટા યોજના (ચોરસ કિ.મી.) | ૩૧,૬૪૨ (૧૬.૧૪ %) | | |

## ૧૯૬૧ના વર્ષ પછીની સાક્ષરતાની વિગતો

| વર્ષ | વસ્તી | | | સાક્ષરતાનો દર | |
|---|---|---|---|---|---|
| | કુલ વસ્તી (લાખમાં) | આદિજાતિ વસ્તી (લાખમાં) | કુલ વસ્તી સામેની ટકાવારી | રાજ્યની વસ્તીના સાક્ષરતા દરની ટકાવારી | આદિજાતિ વસ્તીના સાક્ષરતા દરની ટકાવારી |
| ૧૯૬૧ | ૨૦૬.૩૩ | ૨૭.૫૪ | ૧૩.૩૫ | ૩૦.૪૫ | ૧૧.૬૮ |
| ૧૯૭૧ | ૨૨૭.૫૪ | ૩૭.૩૪ | ૧૩.૯૯ | ૩૫.૭૯ | ૧૪.૧૨ |
| ૧૯૮૧ | ૨૬૬.૯૭ | ૪૮.૪૬ | ૧૪.૨૩ | ૪૩.૭૦ | ૨૧.૧૪ |
| ૧૯૯૧ | ૪૧૩.૧૦ | ૬૧.૬૨ | ૧૪.૯૨ | ૫૧.૧૫ | ૨૯.૬૭ |
| ૨૦૦૧ | ૫૦૬.૭૧ | ૭૪.૮૧ | ૧૪.૭૬ | ૬૯.૧૪ | ૪૭.૭૪ |







